વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



ગણપતલાલ રાયચંદ સોની
(૧૯૨૮)ફોન : ૨૩૨૨૩૨૪૨

ભૂપેન્દ્રભાઈ એસ. શાહ
(૧૯૫૨)ફોન : ૨૩૨૩૦૯૨૬

દિલ્હીમાં ભાજપની કિસાન પાર્લામેન્ટનું આજે ઉદ્‌ઘાટન

અમદાવાદ, તા.૧૨

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય કિસાન મોરચા દ્વારા તા.૧૨ અને ૧૩ મે૨૦૧૨ બેદિવસીય કિસાન પાર્લામેન્ટ, માવલંકર હોલ, નવી દિલ્હી ખાતે યોજવામાં આવી છે. આ કિસાન પાર્લામેન્ટનું ઉદ્‌ઘાટન લોકસભાના વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ કરશે.

દેશમાં કાર્યરત કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારના શાસનમાં કિસાનોની થતી આત્મહત્યા, કૃષિક્ષેત્રે નિરાશાજનક કાર્યપદ્ધતિના પરિણામે ઉભી થતી બેરોજગારી અને કૃષિ તેમજ કિસાનોની વર્તમાન સ્થિતી વિષયને લઈને સુષ્મા સ્વરાજ સમગ્ર દેશમાંથી ઉપસ્થિત કિસાન આગેવાનોને માર્ગદર્શન આપશે. ભાજપાના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ વેંકેયા નાયડુ ખેડૂતોની ઘટતી જતી અને કેન્દ્ર સરકારની કૃષિ નીતિના જુદા જુદા મુદ્દાઓ પર માર્ગદર્શન આપશે.

રાજ્યસભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલી કૃષિ નિકાસ અંગેની યુપીએ સરકારની નીતિ અને ખેડૂતોને આવક પર તેની અસર વિષય પર, ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ કુદરતી આપત્તી અને આપત્તી નિવારણ આયોજન, વિમા યોજના વિષયને લઈ માર્ગદર્શન કરશે.

તસવીર : દિપક જાની

ગાંધીનગરમાં શનિવારની સાંજે ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. અચાનક વરસાદ પડતાં વાહનચાલકો અટવાયા હતા. ગાંધીનગરમાં છેલ્લા મહિનામાં બીજી વખત માવઠુ થયું હતું. આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ખેતીને નુકસાન જવાની સંભાવના છે.

ગુજરાતમાં ખેડૂતોની સંખ્યામાં વધારો થવાની શક્યતા : સેન્સેસ કામગીરી ટૂંકમાં પૂરી થશે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાં ઔદ્યોગિકરણની સાથે થયેલા વિકાસની નોંધ લેવામાં આવી છે. કેન્દ્રમાં રજુ કરાયેલા એક પ્રેઝન્ટેશનમાં ગુજરાતના ખેડૂતોની સંખ્યા ૪૭ લાખ બતાવવામાં આવી છે જે જૂન-૨૦૧૧ અંતિત કૃષી વસ્તીના આંકડામાં ૪૮ લાખની થવાની સંભાવના છે.

એકંદરે રાજ્યમાં ૬ લાખ ખેડૂતો વધશે તેવું અનુમાન વ્યક્ત કરવામાં આવે છે. રાજ્યમાં કૃષિ હેઠળના વાવેતર વિસ્તારમાં ૩.૮૭ટકાનો વધારો નોંધાયો છે. જે ૯૮ લાખ હેક્ટરને પાર કરી ૧૨૮ લાખ હેક્ટર થયો છે. જે ગુજરાત માટે ઉત્સાહજનક પરિણામ બતાવે છે.

દેશના નાગરિકોની વસતી ગણતરી થાય છે તેમ એગ્રીકલ્ચર સેન્સસનું પણ એક અલગ મહત્વ છે. કેન્દ્રના ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર સેન્સસના ૨૦૦૦-૦૧ના આંકડા પ્રમાણે રાજ્યમાં ૪૨.૩૯ લાખ ખેડૂતો ૯૮.૭૭ લાખ હેક્ટર જમીનમાં ખેતી કરતા હતા જે આંકડો વધીને અનુક્રમે ૪૭ લાખ અને ૧૦૨.૬૯ લાખ હેક્ટરે પહોંચ્યો છે. વધતા જતાં ઔદ્યોગિકરણ હેઠળ દબાયેલા ગુજરાત રાજ્યમાં એગ્રીકલ્ચર ક્ષેત્રની આ સારી નિશાની કરી શકાય તેમ છે.

ગુજરાતમાં સરકારી પડતર અને ખરાબાની જમીન ઉદ્યોગગૃહોને આપવામાં આવી છે તેવો દાવો સરકારી સૂત્રો કરી રહ્યા છે. ખેતીની જમીનમાં કોઈ મોટો નોંધપાત્ર ઘટાડો જોવા મળતો નથી.

રાજ્યમાં ભલે અનાજનું ઉત્પાદન ઘટ્યું હોય કપાસમાં ગુજરાત આજે નંબર વન છે. ખેડૂતોની સંખ્યા જોઈએ તો સૌથી વધુ માર્જીનલ એટલે કે સિમાંત ખેડૂતો છે જેમની સંખ્યા ૧૫.૮૬ લાખે પહોંચી છે. બીજાક્રમે ૧૩.૪૬ લાખ સાથે નાના ખેડૂતો આવે છે. મોટા ખેડૂતોની સંખ્યા હાલ ગુજરાતમાં ૬૭ હજાર બતાવવામાં આવે છે. ખેડૂત ખાતેદારો સાથે ખેત મજૂરોનો આંકડો પણ વધ્યો છે.

દેશમાં એગ્રીકલ્ચર સેન્સસ પ્રથમવાર ૭૦-૭૧માં કરાયો હતો

ગાંધીનગર, તા. ૧૨

ભારતમાં ૧૯૭૦-૭૧માં પ્રથમવાર આ સેન્સસ કરવામાં આવ્યો હતો. છેલ્લો સેન્સસ ૨૦૦૦-૦૧માં પાર પડ્યો છે.

હાલ જુલાઈ-૨૦૧૦થી જૂન-૨૦૧૧ દરમ્યાન તલાટીઓ દ્વારા એગ્રી સેન્સસ ચાલી રહ્યો છે. જેનું પરિણામ જુલાઈમાં આવવાની શક્યતા છે. આ સેન્સસના પ્રથમ તબક્કામાં ખેડૂતોની સંખ્યા ભૌગોલિક વિસ્તાર ખેતીનો વિસ્તાર સુવિધાઓ ગોડાઉન કોલ્ડસ્ટોરેજ ખાતર દવાઓ સંસ્થાઓ પશુધન માન્ય ગંજબજાર ખેત ધિરાણ સોસાયટીઓ અને કાયમી રસ્તાની ગણતરી કરવામાં આવે છે.

બીજા ભાગમાં ૨૦ટકા ગામની રેન્ડમ પસંદગી, રેવન્યુ સર્કલ, તલાટીનો સેજો, સામાજીક દરજ્જો, ઓપરેટેડ વિસ્તાર, ભોગવટા દરજ્જો, જમીન વપરાશ, પિયત સાધનો અને પાકવાર પિયત તેમજ બિન પીયત જેવી બાબતોનો સમાવેશ થાય છે.

જ્ઞાન સાથેના શિક્ષણને આત્મસાત કરવા "હાયર એજ્યુકેશન ફોરમ" ઉપયોગી બને : રમણલાલ વોરા

ગાંધીનગર, તા. ૧૨

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પ્રવર્તમાન પ્રૌ અને તેના ઉકેલ માટે એક સાનુકુળ વાતાવરણ બનાવવા ચર્ચાસભાઓ, વિચારગોષ્ઠિ કાર્યક્રમો અને તેના અમલના હેતુથી રચવામાં આવેલ "હાયર એજ્યુકેશન ફોરમ"નો ગઈકાલે વિધિવત પ્રારંભ થયો હતો. શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરા, શિક્ષણવિદ્ અને એકસેલ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી જી. નારાયણની વિશેષ ઉપસ્થિતિમાં ગઈકાલે યોજાયેલ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં આ નવરચિત ફોરમને આવકારતાં શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરાએ એવી અપેક્ષા વ્યકત કરી હતી કે ૨૧મી સદી જયારે જ્ઞાનની સદી બનવાની છે ત્યારે જ્ઞાન સાથેના શિક્ષણને આત્મસાત્ કરવા આ પ્રકારનું "હાયર એજ્યુકેશન ફોરમ" ઉપયોગી બને. રક્ષા યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ, કામધેનુ અને ચિલ્ડ્રન યુનિવર્સિટીના ખ્યાલ સાથે ગુજરાતે યુનિવર્સિટી શિક્ષણ ક્ષેત્રે પહેલ કરી છે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

પેટલાદના યુવાનના પરિવારની મુખ્યમંત્રીએ મુલાકાત લીધી

અમદાવાદ, તા.૧૨

આફ્રીકાના અંગોલામાં પોલીસ અત્યાચારનો ભોગ બનેલા પેટલાદના યુવાનના પરિવારની મુખ્યમંત્રી અને વિરોધપક્ષના નેતાએ મુલાકાત લઈને હૈયાધારણ આપી હતી. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદએ આજે પેટલાદ કૃષિ મહોત્સવના આગમન સમયે આફ્રિકાના એંગોલામાં ખાનગી ઉદ્યોગ અને પોલીસ અત્યાચારોનો ભાગ બનેલા પેટલાદના યુવાન વિજયકુમાર વાલ્મિકના પિતા ચીમનભાઈ તળપદાને રૂબરૂ મળીને આ દુઃખી પરિવારને હૈયાધારણ આપી હતી.

મોદીએ એંગોલાના આ યુવાનની આપવિતીની અને ભારતીય અને ગુજરાતી યુનાનોની વ્યથિત સ્થિતિની પ્રાથમિક જાણકારી યુવાનના પિતા ચીમનભાઈ પાસેથી મેળવી હતી.

સમાચાર ઝલક

- સોનગઢ તાલુકાના શીસોરમાં બાલલગ્ન સંદર્ભે પોલીસના દરડા : પની ધરપકડ.
- નવસારીમાં મધરાત્રે વરસાદી ઝાપટું.
- ભરૂચમાંથી દર મહિને આયાત-નિકાસ માટે ૨૦૦૦ કન્ટેનરોની હેરફેર થશે.
- ભર ઉનાળે વડોદરા-સુરત વચ્ચે દોડતી લોકલ ટ્રેનોમાં પંખા બંધ : મુસાફરો હેરાન પરેશાન.
- વાપીના ચાણોદથી દેશી તમંચા સાથે મહારાષ્ટ્રીયન ઝડપાયો.
- વલસાડના ગોયા તળાવ પાસે ગેસ પાઈપલાઈનમાં ભંગાણ.
- અંતોલામાં ઘરેથી જ સગીરાનું અપહરણ કરાતાં ચકચાર.
- ઘોઘા-દહેજ ફેરી સર્વિસનો રોડ-શો લંડન અને મુંબઈમાં યોજાશે.
- આગામી ૨૬-૨૭મે એ ગુજરાતભરમાં ગીધની વસ્તી ગણતરી થશે.
- અમરેલી અને ગોંડલ પંથકમાં વાવાઝોડા સાથે માવઠું.
- સૌરાષ્ટ્રના કાળાસર ગામની સીમમાં વીજળી પડતાં બાળાનું મોત : સાસુ-વહુ દાઝ્યા.
- મહેસાણામાં બંધ મકાનમાંથી ધોળે દિવસે ૮.૧૦ લાખની ચોરી.
- મહિલાને હિંમતનગરમાં બોલાવી ગઠીયાઓએ નકલી સોનાનો હાર પહેરાવ્યો.

સાબરકાંઠામાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ દ્વારા તાલીમ કાર્યક્રમ

હિંમતનગર, તા.૧૨

નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં તા. ૮ થી ૨૨ મે ૨૦૧૨ સુધી ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત તાલીમ કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે. જેનું ઉદ્‌ઘાટન જિલ્લાના અધિક કલેકટર એમ. જે. ઠક્કરના હસ્તે કરવામાં આવ્યું હતું.

કોઈપણ કુદરતી કે માનવ સર્જીત આપતિમાં ખડેપગે સેવા બજાવનાર એન.ડી.આર.એફ.ના ૬ બટાલીયનના ૩૫ જેટલા જવાનોએ દિલધડક દશ્યો દ્વારા જીવંત તાલીમનું નિદર્શન કર્યું હતું. રાહત નિયામક કચેરી તથા જી.એસ.ડી.એમ. એ દ્વારા પ્રાયોજિત આ તાલીમ જનજાગૃતિ કાર્યક્રમ તા. ૨૨મી મે સુધી જિલ્લાના ૧૬ સ્થળોએ ચાલશે. જેમાં જિલ્લાના પોલીસ કર્મીઓ, હોમગાર્ડઝ, મધ્યાહન સંચાલકો, વ્યાજબી ભાવના દુકાનદારો જોડાઈ રહ્યા છે.

હિંમતનગર ખાતે યોજાયેલા આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે અધિક કલેકટરએ આ કાર્યક્રમની જરૂરિયાત અને રિસ્પોન્સ પ્રતિભાવની સમજણ આપી હતી. આ ટીમના કમાન્ડીંગ ઓફિસર મોન્ટુકુમાર તથા ટીમ લિડર સરવન બાવા દ્વારા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. આ અંગેની વધુ વિગતો માટે ટે.નં. ૦૨૭૭૨-૨૪૯૦૩૪ તથા ટોલ ફ્રી નં. ૧૦૭૭૫૨ સંપર્ક કરવા જણાવ્યું છે.

વિંઝોલ ખાતે વણઝારા જાતિ માટે ૨૫૦ આવાસોનું ભૂમિપૂજન

અમદાવાદ, તા. ૧૨

વિચરતાને વિકસિત કરવા સરકાર સંકલ્પબધ્ધ છે. ઘર વિહોણાને ઘર આપી પંડિત દીનદયાળ આવાસ યોજના હેઠળ ગરીબોને સક્ષમ કરવા સૌ પ્રયત્નશીલ છીએ, એમ સામાજિક મંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલાએ જણાવ્યું હતું.

વિઝોલ ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ બક્ષીપંચની વણઝારા જાતિના ૨૫૦ આવાસો માટે મંત્રીશ્રીએ ભૂમિપૂજન કર્યું હતું.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અંતર્ગત નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર રાજ્ય સરકારના ઉપક્રમે ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા આવાસ ભૂમિપૂજન અને ચેક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ૨૫૦ આવાસોની વસાહત માટે મળવાપાત્ર કુલ રૂા. ૧.૧૨ કરોડમાંથી પ્રથમ હઝ્ઝના રૂ. ૪૭.૬૯ લાખના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમારોહમાં સાબરમતી રીવરફ્રન્ટ, અમદાવાદના અસરગ્રસ્તોના પુનઃસ્થાપન માટે બક્ષીપંચની અતિ પછાત જાતિઓની ૧૬૦૧ કુટુંબો માટે અમદાવાદ મહાનગરપાલિકાના મેયરશ્રીને રૂ. ૭.૧૯ કરોડનો ચેક અર્પણ કર્યો હતો. લાભાર્થીઓને અપાયેલ ચેક વિતરણ સમારોહના અધ્યક્ષસ્થાનેથી મંત્રીશ્રીએ વિચરતાને વિકસિત કરવા સરકાર સંકલ્પબધ્ધ છે, તેમ જણાવ્યું હતું.

ગુજરાત હાઉસીંગ બોર્ડની જમીનો પર ગરીબોના આવાસ બંધાવાના છે ત્યારે બક્ષીપંચ પ્રભાગનું રૂા. ૧૩૦ કરોડનું બજેટ હતું તે બજેટ રૂ. ૫૯૭ કરોડ આ વર્ષે ફાળવવામાં આવ્યું જેનો લાભ લાભાર્થીઓને આપવામાં આવશે તેમ સામાજિક મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

પ્રસંગોચિત પ્રવચનમાં મેયર શ્રી અસિતભાઈ વોરાએ સમાજમાં ગરીબો સ્વમાનથી જીવે તે માટે રાજય સરકાર સાથે રહી અમદાવાદ મહાનગરપાલિકા વિવિધ ૧૭ યોજનાઓનો અમલ કરી રહી છે તેમ જણાવ્યું હતું. સ્લમ ફ્રી સીટી કરવા ઝુંપડપટ્ટીવાસીઓને ૩૨ લાખ જેટલા આવાસો આપવામાં આવ્યા છે.

વિકસતી જાતિ કલ્યાણ વિભાગના નિયામક શ્રી કે. જી. વણઝારાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, વંચિતોના વાણોત્તર બની સરકાર સૌનો વિકાસ ઈચ્છે છે જેના ભાગરૂપે આજે આવાસ યોજનાના ચેક વિતરણ થયા છે.

બેટ દ્વારકા નાગેશ્વર મંદિર અને રૂક્ષ્મણી મંદિરનો સંચાલન સરકાર દ્વારા નિયુકત સમિતિને સોંપવા દરખાસ્ત

ગાંધીનગર, તા.૧૨

સુપ્રસિધ્ધ બેટ દ્વારકાધીશ મંદિર, નાગેશ્વર મહાદેવ મંદિર અને રૂક્ષ્મણી માતાજી મંદિરનો વહિવટ સરકાર દ્વારા નિયુકત સમિતિને સોંપવા માટે જિલ્લા કલેકટર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે.

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઓખા બંદરથી ૩ કિ.મી. અંતરે ઐતિહાસિક દરિયાઈ ટાપુ ખાતે બેટ દ્વારકાધીશ મંદિર અને પટરાણીઓનું મંદિર આવેલ છે. બેટ શંખોદ્વાર ભગવાનશ્રી કૃષ્ણના નિવાસસ્થાન તરીકે પ્રખ્યાત છે. આ મંદિરનો વહીવટ ખાનગી ટ્રસ્ટની સમિતી દ્વારા કરવામાં આવે છે.

દ્વારકાથી ૧૫ કિ.મી. દૂર નાગેશ્વર ગામે મહાદેવનું આ મંદિર પ્રાચિન છે તથા બાર જયોર્તિલિંગ પૈકીમાં નાગેશ્વર મહાદેવનો સમાવેશ થાય છે. આ મંદિરનો વહીવટ વફાદાર પૂજારી પરિવાર દ્વારા વારા પ્રમાણે કરવામાં આવે છે.

દ્વારકાધીશ મંદિર દ્વારકાથી ૨ કિ.મી. દૂર રૂક્ષ્મણી માતાજીનું મંદિર આવેલ છે. આ મંદિર પણ ખૂબ પુરાણું છે. આ મંદિરનો વહીવટ દ્વારકાના ગુગળી બ્રાહ્મણ પરિવારના ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે તથા સેવા પૂજા માટે આજ્ઞાતિ તરફથી ઈજારો આપવામાં આવે છે.

સરકારના પ્રવાસન વિભાગ મારફત પવિત્ર યાત્રાધામ દ્વારકા તથા નાગેશ્વરના વિકાસના કામો માટે પ્રથમ તબક્કે રૂ. ૫૪ કરોડના કામો હાથ ધરવામાં આવેલ છે તથા બેટ દ્વારકા અને ઓખા મઢી માટે રૂ. ૩૫ કરોડના કામો તેમજ દ્વારકા ખાતે યાત્રાધામ વિકાસ બોર્ડ અને રીલાયન્સના લોકભાગીદારીથી રૂ. ૭.૫૦ કરોડના કામો હાથ ધરવામાં આવેલ છે. ટ્રસ્ટોમાં થતી આવકમાંથી યાત્રિકોની સુવિધા માટેના કામો હાથ ધરવા અને વિકાસ કરવા માટે ટ્રસ્ટનું સુચારું એક કેન્દ્રીય સંચાલન થવું જરુરી છે.

આ બધા ધાર્મિક સ્થળોનું અલગ અલગ સંચાલન હોવાના કારણે આ ધાર્મિક સ્થળોનો હાલ પર્યાપ્ત માત્રામાં વિકાસ થયેલ નથી. આ ધાર્મિક સ્થળો અરબી સમુદ્ર કાંઠે આવેલ હોઈ તેમજ આ વિસ્તાર સ્લમ અને પછાત છે. બેટ દ્વારકા મંદિર દરિયાઈ ટાપુ ઉપર આવેલ છે. આજુ બાજુના દરિયાઈ વિસ્તારમાં માછીમારીનો ધંધો કરવામાં આવતો હોય અને સંવેદનશીલ વિસ્તાર છે. રાત્રિ દરમ્યાન સ્થળોએ સામાન્ય નાગરિકોની અવર જવર થતી ન હોઈ આ વિસ્તારને પડોશ દેશની દરિયાઈ સીમા લાગુ પડતી હોવાથી ઘૂસણખોરી ભાંગફોડ આંતકવાદી પ્રવૃત્તિઓની સંભાવના પણ નકારી શકાય નહીં.

આ ધાર્મિક સ્થાનોમાં જે અલગ અલગ ટ્રસ્ટ પુજારી દ્વારા વહીવટ સંચાલન કરવામાં આવે છે તેના બદલે આ મંદિરોનું સંચાલન સરકાર તરફથી એક સમિતી કલેકટરના અધ્યક્ષસ્થાને બનાવી તેને સોંપવા માટેની દરખાસ્ત કરવામાં આવી છે.

ગુજરાતે કૃષિ આધારિત અર્થતંત્ર માટેની સફળ વ્યૂહરચના ઘડી છે : નરેન્દ્ર મોદી

ગાંધીનગર, તા.૧૨

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં યોજાઈ રહેલા કૃષિ મહોત્સવ અભિયાન અન્વયે આજે અમદાવાદ સહિત છ જિલ્લાઓનો મધ્ય ગુજરાત ઝોનના કૃષિ મહોત્સવમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે ખેતીના સમગ્ર અર્થતંત્રને નવેસરથી ઘડવાનું અભિયાન ઉપાડયું છે. કેન્દ્રની સરકાર કૃષિ ક્ષેત્રની ઘોર ઉપેક્ષા કરી રહી છે ત્યારે એક દશકમાં ગુજરાતે કૃષિ ક્રાંતિ કરી બતાવી છે.

"હવે જમીન વધવાની નથી. જમીનના નાના ટુકડામાં પણ આધુનિક ખેતીથી ઉત્પાદકતા વધારવાની વ્યૂહરચના ગુજરાતમાં સફળ બની છે" એમ તેમણે જણાવ્યું હતું.

આણંદ જિલ્લાના પેટલાદમાં યોજાયેલા આ કૃષિ મહોત્સવમાં અમદાવાદ, આણંદ, ખેડા, વડોદરા, પંચમહાલ અને દાહોદ જિલ્લાઓમાંથી વિશાળ સંખ્યામાં કિસાન અને પશુપાલક પરિવારો અને મહિલા શક્તિનું દર્શન થતું હતું. મુખ્ય મંત્રીશ્રીએ કૃષિના ઋષિ એવા સરદાર પટેલ કૃષિ પુરસ્કાર વિજેતા પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન કર્યું હતું અને લાભાર્થી ખેડૂતોને સરકારી યોજનાઓના સાધન સહાયનું વિતરણ કર્યું હતું.

ભૂતકાળમાં કોઈપણ સરકારે ભૂતકાળ કે વર્તમાનની કોઈપણ હિન્દુસ્તાનની સરકારે કૃષિનું આટલું વિરાટ અભિયાન ઉપાડયું હોય એવી કયાંય ઘટના ગુજરાત સિવાય બની નથી એનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, કૃષિક્રાંતિના આ પર્વમાં આટલી મોટી તપસ્યાનું આ સરકારી અભિયાન આઠ વર્ષથી ચાલે છે અને તેમાં સરકારી કર્મીઓ ઉપરાંત કૃષિ યુનિવર્સિટીઓ, કૃષિ વૈજ્ઞાનિકો, પશુ આરોગ્ય સેવાના તબીબો- કર્મચારીઓની આખી ટીમ એક મહિનાથી ખેતરોમાં ઘૂમી રહી છે. ગુજરાતના ગામડાં, કૃષિકાર પશુપાલકને સમૃદ્ધ કરવા ભરઉનાળે આ તપ આદર્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

ગાંધીનગરમાં માવઠુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પવન સાથે જોરદાર વરસાદ પડવા માંડ્યો હતો. માર્ગો પર વરસાદી પાણી રેલાવા માંડ્યું હતું. જ્યારે વાહનચાલકો ફસાઈ ગયા હતા. વાહનચાલકોને ભીંજાવવું પડ્યું હતું. જ્યારે ગરમીના કારણે ખુબ અકળાઈ ઉઠેલા કેટલાક યુવાનો પલળવાનો આનંદ માણવા માર્ગો પર નીકળી પડ્યા હતા. વરસાદી ઝાપટુ પડતા ગરમીમાં ઘટાડો થયો હતો. જો કે વરસાદ બંધ રહ્યા બાદ ઉકળાટ વધી ગયો હતો. પવન ફૂંકાતા ગ્રામ્ય વિસ્તારોમાં વીજળી ડુલ થઈ ગઈ હતી. લગભગ અડધો કલાક સુધી પવન સાથે એકધારો વરસાદ પડ્યો હતો.

આજે તા. ૧૩-૫-૨૦૧૨ રવિવારથી
"જ્યોતિષ કાર્યાલય"
કુંડળી જ્યોતિષ તથા
ટેરોટ કાર્ડ રીડીંગનો શુભારંભ
પ. પૂ. ફૂલશંકર શાસ્ત્રીજીના પુત્રી
(લંડનથી પધારેલ) શ્રી વૃન્દા વ્યાસ
આ કુંડળી જ્યોતિષ તથા ટેરોટ કાર્ડ રીડીંગનું જ્ઞાન આપશે.
સ્થળ : પંચદેવ મંદિરની પાછળ, પ્લોટ નં. ૭૧૮, શોપીંગ સેન્ટર, સે.૨૨, ગાંધીનગર
સમય : દર રવિવારે સવારે ૯થી ૧૨ સાંજે ૫ થી ૮
સંપર્ક : ૯૫૭૪૩૧૪૪૧૮, ૨૩૨૧૨૧૨૪
શુભેચ્છા : પ.પૂ. શ્રી ફૂલશંકર શાસ્ત્રીજી
શ્રી ભાનુશંકર શાસ્ત્રી (પંચદેવ મંદિર) ● નીલકંઠ શાસ્ત્રી

શબ્દાવલી - ૪૭૨૮



આડી ચાવી

૧. કન્યાને વિધિપૂર્વક પરણાવવી તે (૪)
૪. દુઃખ, અફસોસ (૨)
૬. મરણ કે જન્મની પાળવામાં આવતી આભડછેટ (૩)
૭. કોચ કે ગાડી હાંકનાર (૪)
૯. છીંકણી (૪)
૧૦. પવન, વાયરો (૩)
૧૨. વાયર (૨)
૧૩. 'કર' નું ઊંધું - થાય છે (૨)
૧૪. શણીયુ (૩)
૧૫. ખરાબ (૨)
૧૬. પુન્ય, સારું કર્મ (૨)
૧૮. વટેમાર્ગુ (૪)
૨૦. કમળ (૩)
૨૧. મતભેદ (૪)

ઊભી ચાવી

૧. ગુનેગાર (૫)
૨. નાત, સમાજ (૨)
૩. ડૉકટર (૪)
૪. ઉડનાર પક્ષી-પંખી (૩)
૫. મેડિસીન (૨)
૭. સુંદર અવાજવાળી (૫)
૮. નનૈયો, ના ભણવી તે (૩)
૧૧. બોખલાહટ, હલકાવું તે (૫)
૧૨. સિતાર જેવું એક વાદ્ય (૪)
૧૫. રાહ, રસ્તો (૩)
૧૭. એક ટશ જોવું તે (૩)
૧૮. રખ્યા (૨)
૧૯. પૃથ્વી, ધરા (૨)
૨૦. ચેન, શાંતિ (૨)

શબ્દાવલી ૪૭૨૭ના જવાબ

આડી ચાવી :- (૧) સલાખો (૪) વીઘા (૬) લાજ (૭) વારસાગત (૯) મવાલી (૧૧) સત (૧૨) તબલચી (૧૪) વિરાટ (૧૬) નજાકત (૧૮) ઠેલણગાડી (૨૧) કડા (૨૨) વેતાલ (૨૪) ડોકુ (૨૫) ગરકાવ

ઊભી ચાવી :- (૧) સલામત (૨) લાજવાબ (૩) ચોરસ (૪) વીગ (૫) ઘાત (૮) સાતવિક (૧૦) લીલ (૧૩) ચીનગારી (૧૫) રાત (૧૭) જાડી (૧૮) ઠેકરી (૧૯) લડાકુ (૨૦) પાલવ (૨૨) વેર (૨૩) તાકા